NAVSARI AGRICULTURAL UNIVERSITY

# પુંછડે ચાર ટપકાંવાળી લશ્કરી ઇયળ (ફોલ આર્મીવર્મ)



:: લેખક ::


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
દેડીયાપાડા - ૩૯૩ ૦૪૦, જિ. નર્મદા

# પુંછડે ચાર ટપકાંવાળી લશ્કરી ઇયળ (ફોલ આર્મીવર્મ)

ફોલ આર્મીવર્મનું વૈજ્ઞાનિક નામ *સ્પોડોપ્ટેરા ફ્રુજીપરડા* છે. આ જીવાત મુખ્યત્વે અમેરીકા ખંડમાં જોવા મળતી જીવાત છે. જે મુખ્યત્વે મકાઈ પાક પર નભે છે. ફોલ આર્મીવર્મ આપણાં વિસ્તારમાં જોવા મળતી લશ્કરી ઈયળ જેવી હોય છે. બાહ્ય દેખાવના આધારે ફોલ આર્મીવર્મને આપણે પુંછડે ચાર ટપકા વાળી લશકરી ઈયળ તરીકે ઓળખી શકીએ.

## ફોલ આર્મીવર્મની ઓળખ

### ૧. ફોલ આર્મીવર્મ- ઇંડા



- મકાઈના પાંદડાના નીચે અથવા ઉપર અથવા થડ ઉપર જથ્થામાં ૧૦૦-૨૦૦ અથવા વધુ સંખ્યામાં ઈંડા જોવા મળે.
- ઈંડા ઉપર સફેદ રૂંવાટી જેવું આવરણ જોવા મળે છે.

### ૨. ફોલ આર્મીવર્મ ઓળખ - ઇયળ

- ઈયળ ઘાટા બદામી રંગની , માથા ઉપર સફેદ રંગમાં અંગ્રેજીમાં Y આકારનો માર્ક જોવા મળે .
- ઈયળના છેલ્લાથી આગળના ભાગમાં પુછડી ઉપર ચોરસ આકારમાં ઘાટા કાળા રંગના ઉપસેલા ચાર ટપકાં જોવા મળે.
- શરૂઆતની અવસ્થાની ઈયળ અલગ અલગ રંગમા જોવા મળે છે પરંતુ ધ્યાનથી જોતા માથા ઉપર Y આકારનો માર્ક અને પુછડી ઉપર ચોરસ આકારમાં ઘાટા કાળા રંગના ઉપસેલા ચાર ટપકાં જોવા મળે.





**૩. ફોલ આર્મીવર્મ ઓળખ - કોશેટા**



- કોશેટા મુખ્યત્વે જમીનની અંદર માટીના આવરણ સહિત જોવા મળે છે.
- થડની પાસે જમીન ઉપર પણ પાક અવશેષોના આવરણ સાથે અથવા ભૂંગળીમા પણ કોશેટા જોવા મળે છે

**૪. ફોલ આર્મીવર્મ ઓળખ-પુખ્ત**



- પાંખ ઉપરના ભાગમાં સફેદ રંગનું ધાબું જોવા મળે છે.
- પાંખના ઉપરના ભાગમાં વચ્ચે લોખંડના કાટ જેવા બદામી રંગનું ટપકું જોવા મળે છે.
- માદા ફૂદામાં નર ફૂદાની જેમખાસ ઓળખ નિન્હો જોવા મળતા નથી

**૫. ફોલ આર્મીવર્મ ઓળખ -નુકશાન**

- પાંદડા ખવાયેલા જોવા મળે છે.
- મકાઇની ભૂંગળીમાં નુકશાન જોવા મળે છે.
- દણાં સહિત ડોડાનો અંદરનો ભાગ પણ ખવાયેલો જોવા મળે છે.





## ફોલ આર્મીવર્મનું - વ્યવસ્થાપન

**૧. સંકલિત જીવાત નિયંત્રણ અભિગમ**

- એક હેક્ટરમાં એક પ્રકાશ પિંજર ગોઠવવું.

- ઈંડાના સમૂહ અને જુદાં-જુદાં તબક્કાની ઈયળોનો હાથથી વીણી એકત્ર કરી કીટનાશકનાં દ્રાવણમાં ડૂબાડી નાશ કરવો.
- જૈવિક નિયંત્રણની પધ્ધતિઓ અપનાવવી.
- વધુ ઉપદ્રવ હોય તો રાસાયણિક દવાનો છંટકાવ કરવો.
- પાક કાપી લીધા બાદ જડીયા અને કચરો સેંદ્રિય ખાતર બનાવવાના ઉપયોગમાં લેવા.
- મકાઈની કાપણી બાદ ઉંડી ખેડ કરવી જેથી જમીનમાં પડી રહેલ કોશેટા બહાર આવતા પક્ષીઓ દ્રારા તેનું ભક્ષણ થશે.

**૨. જૈવિક/વનસ્પતિ જન્ય દવાથી નિયંત્રણઃ**

- ઈયળનો ઉપદ્રવ જણાય તો,
- *બેસીલસ થુરીન્ઝીએન્સીસ*નો પાવડર ૨૦ ગ્રામ અથવા
- *બ્યુવેરિયા બેસીયાના* નામની ફુગનો પાવડર ૪૦ ગ્રામ અથવા
- લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા
- લીમડાનું તેલ ૩૦ મિ.લિ. + કપડા ધોવાનો પાવડર ૧૦ ગ્રામ અથવા
- લીમડા આધારિત તૈયાર કીટનાશક ૪૦ મિ.લિ. (૧૫૦૦ પીપીએમ)
- ઉપરોકત દવા કોઈપણ એક ૧૦ લીટર પાણીમાં ઉમેરી છોડ તેમજ ભૂંગળી પલળે તે રીતે છંટકાવ કરવો.

**૩. રાસાયણિક દવાથી નિયંત્રણઃ**

- ઈયળથી વધુ ઉપદ્રવ જણાય તો,
- કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લી. અથવા
- સ્પીનોસાડ ૪૫ એસસી ૩ મિ.લી. અથવા
- એમામેકટીન બેન્ઝોએટ ૫ એસજી ૪ ગ્રામ અથવા
- ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૧૮.૫ એસસી ૩ મિ.લી.
- ઉપરોકત દવા કોઈપણ એક ૧૦ લીટર પાણીમાં ઉમેરી છોડ તેમજ ભૂંગળી પલળે તેમજ ભૂંગળીમાં દવા ઉતરે તે રીતે છંટકાવ કરવો.
- જરૂર જણાય તો અઠવાડીયા પછી કીટનાશક બદલી બીજો છંટકાવ કરવો.
- કીટનાશકના છંટકાવ અને કાપણી વચ્ચે ૧૦-૧૫ દિવસનો સમયગાળો જાળવવો.

નવસારી કૃષિ યુનિવર્સિટી પ્રકાશન નં.: ૦૦/૨૦૧૯-૨૦